ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ)ને વર્ષ:૨૦૧૬-૧૭ માટે શેરમુડીની કરેલ જોગવાઈની ફાળવણી કરવા બાબત...

રૂ.૧૦૦.૦૦ લાખની મંજૂરી

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૦૨૦૧૩/૭૫૮૩૭૭/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૩૦/૦૩/૨૦૧૭

વંચાણમાં લીધા:-

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૧/૦૯/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:અપબ/૧૩૦૮/ન.બા.૧૭/જ

૨) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગરનો તા:૨૧/૦૩/૨૦૧૭ નોપત્ર ક્રમાંક:આંઅવિનિ/૨૦૧૭/૧૧૪૬-૧૧૪૭

આમુખ:-

અનુસૂચિત જાતિઓ પૈકી અતિ પછાત જાતિઓમાં વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, તુરી, ગરો, વણકરસાધુ, અનુસૂચિત જાતિના બાવા, તીરગર, તીરબંદા, થોરી, માંતગી જેવા અતિ પછાત જાતિના લોકો અન્ય જાતિઓના સરખામણીમાં ચોક્કસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક વિકાસ થઈ શકે અને અતિ પછાત જાતિ માટે ગરીબલક્ષી, તાલીમલક્ષી તથા સ્વરોજગારી યોજનાઓનો સરળ રીતે લાભ મેળવી શકે તે માટે આમુખમાં દર્શાવેલ ક્રમ નં-૧ થી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ)ની રચના કરવામાં આવેલ છે. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગર માટે અધિકૃત શેર કેપીટલ રૂ.૧૦.૦૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે.

વર્ષ:૨૦૧૬-૧૭ માં ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ) માટે વર્ષ:૨૦૧૬-૧૭ ના નાણાંકીય વર્ષ માટે આયોજન સદરે રૂ.૨૨૫.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. આમુખમાં દર્શાવેલ ક્રમ નં-૨ ના તા:૨૧/૦૩/૨૦૧૭ના પત્રથી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ) દ્વારા નિગમની અધિકૃત રૂ.૧૦૦.૦૦ લાખની શેરમુડી ફાળવવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ)ની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે વર્ષ:૨૦૧૬-૧૭ માં કરેલ બજેટ જોગવાઈ મુજબ રૂ.૧૦૦.૦૦ લાખની (રૂપિયા સો લાખ પુરા) શેરમુડી નિગમના હવાલે નીચેની શરતોને આધીન મૂકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૧) ભારત સરકારને કરવાની થતી દરખાસ્તો સમયસર કરવાની જવાબદારી/મળવાપાત્ર થતો હિસ્સો સમયસર મેળવી લેવા માટે અસરકારક કાર્યવાહી કરવાની જવાબદારી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ) ના મેનેજીંગ ડિરેક્ટરશ્રીની રહેશે.

૨) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ)એ તેમના ઓડિટ હિસાબો વર્ષ પુરૂ થયે સમયસર આખરી કરી રજુ કરવાના રહેશે.

૩) શેરમુડીનો ઉપયોગ કરકસરયુકત અને નિયમોનુસાર કરવાનો રહેશે.

૪) આ શેરમુડી નાણાં વિભાગના પરિપત્રો/ઠરાવો/નિયમો મુજબ ખર્ચ કરવાનો રહેશે.

આ અંગે થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઈ માંગણી નંબર-૯૫ આયોજન સેક્ટર-(ખ), સામાજિક સેવાઓ, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ અંગે મુડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦—જાહેર ક્ષેત્રો અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર-03, બીસીકે-૪૧-અનુસૂચિત જાતિ પેટા યોજના-બેચર સ્વામી અતિ પછાત વિકાસ બોર્ડનો શેરમુડી ફાળો સદરે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૮/03/૨૦૧૭ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
એચ.બી.ઠાકોર
(સેક્સન અધિકારી)
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી(ક-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.